**નગર પર એક નવી આફત ઊતરી છે. કોઇ ફાંસીગર પેદા થયો છે, જે રાતવરત એકલી સ્ત્રી પર આક્રમણ કરીને એને ગળે ફાંસો દઇને એને મારી નાંખે છે. દરમિયાનમાં નાનપણથી જ અસાધારણ રીતે ઊભરેલા અને હિંસકતાના લક્ષણો ધરાવતા એક યુવક તરફ ઇશારો મળે છે. અજય એના ભાઇને મળી ચૂક્યો છે. પછી ભાભીની મુલાકાત ગોઠવે છે.....**

# નોકરી-ધંધામાં સ્ત્રીઓ વધે છે તેમ એમની સામેના અપરાધ વધે છે!

## ફાંસીગર-3

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

ફાં સીગરના એક વિશેષ શિકારની વાત સાંભળીને અજય ચોંક્યો. આ ઘટના ક્યારે અને કેવી રીતે બની હશે, એ જાણવા એ ઉત્કંઠ બની ગયો. યુનિવર્સિટી પર એ પહોંચી ગયો. ત્યાં જે વિસ્તારમાં વર્ષમાં એકાદ બે વાર વિદ્યાર્થીઓનો રમતોત્સવ યોજાય છે અને બાકીનો સમય જ્યાં કાંટા-ઝાંખરાનું સામ્રાજય રહે છે ત્યાં પહોંચીને અજયે જોયું કે અત્યારે ત્યાં સાદા વેશમાં અને ગણવેશમાં અનેક પોલીસવાળા ઉભરાઇ રહ્યા હતા. અજયને તો એ સૌ ઓળખે. એને જોતાં જ દિનકરના પોલીસ સ્ટેશનનો એક કોન્સ્ટેબલ દોડી આવ્યો. એણે ખબર આપ્યા કે અહીં 'સવારના પહોરમાં દોડવા આવનારા હોસ્ટેલના એક વિદ્યાર્થીને એક જાળામાં કપડું દેખાયું. નજીકથી જોતાં મૃત નારી જોઇને એણે લાંબી દોડ પોલીસ સ્ટેશન તરફ લગાવી. તરત જ પોલીસ દોડી આવી હતી અને આ વખતે એ માનસવિજ્ઞાની ડો. કેશવાણી પણ દોડી આવ્યા હતા. લાંબા સફેદ કોરા ઊડતા વાળ અને ઝાઝા નંબરના ચશ્મા વડે બહુ ભણેલા આદમી તરીકે તરત જ ઓળખાઇ જતા ડો. કેશવાણી અત્યારે દિનકરની સાથે જ તપાસમાં જોડાયા હતા. અજય જયારે આ બંનેની પાસે પહોંચ્યો ત્યારે દિનકરનો સવાલ હતો, 'તમને કશું જાણવા જેવું દેખાયું ડોક્ટર કેશવાણી?'




કેશવાણીએ પોતાની સફેદ કેશવાળી આમતેમ ધુમાવીને કહ્યું, 'ખૂનીની ઓળખમાં કામ આવે એવું તો કશું મને કળાતું નથી, ઇન્સ્પેક્ટર. પણ આખા વાતાવરણમાં દ્વેષ અને ધિક્કારની મનોવૃત્તિ ભળેલી છે. આપણે જ્યાં ઊભા છીએ ને એ સ્થળ પર તો એકદમ ઘનીભૂત દ્વેષ હવામાં લટકતો કળાય છે.'

'આપણે જ્યાં ઊભા છીએ ને, ડોક્ટર ત્યાંથી સ્તો મરહૂમની લાશ મળી આવી હતી!' દિનકરે કહ્યું, અને પછી ત્યાં આવી પહોંચેલા દોસ્તને આવકારતાંએણે હાથ લાંબો કર્યો. 'આવો અજયબાબુ! અહીં એક તમારી જ ખોટ હતી. અને... ડોક્ટર કેશવાણી આપને હવે પોલીસ ખાતાનું વાહન ઘેર પહોંચાડી દેશે. પછી વળી ક્યારેક આવા કશા કામમાં આપની જરૂર પડશે તો બોલાવીશું. ખૂબ આભાર આપનો.'

આ પછી દિનકરે એક પોલીસ ગાડીના ડ્રાઇવરને ઇશારો કર્યો, એટલે એ ડો. કેશવાણીને લઇને ઊપડી ગયો.

એમના ગયા પછી દિનકરે મોં બગાડીને બબડાટ કર્યો, 'માળા આ વિજ્ઞાનીઓ પણ આજકાલ ભૂવાની ભાષા બોલવા લાગ્યા છે! લ્યો, બોલ્યાઃ અહીંના વાતાવરણમાં દ્વેષ અને ધિક્કારની મનોવૃત્તિ ભળેલી છે! અરે, કાકા! એવું જણાવી અમારું શું રંધાયું? એથી ખૂનીની કશી કડી મળી અમને?'

'એ પ્રોફેસર બાપડા એમની રીતે તને મદદ કરવાની જ કોશિશ કરતા હતા, દિનકર', અજયે સમતામય અને ઉદાર વ્યવહારનો ઉપદેશ આપ્યો.' ખેર! તેં અત્યાર સુધીમાં આ ફાંસીગર વિશે શું શોધ્યું છે એ મને કહે.'

'નક્કર તો મનેય કશું નથી જડતું, ભાઇ. ખૂની ધિક્કારગ્રસ્ત તો છે જ. પણ સાથે બેહદ હોંશિયારી પણ ધરાવે છે. પોતાના કશા જ સગડ એ જવલ્લે જ મૂકે છે. માત્ર કેટલાક લોકોએ પોલીસને એટલું જણાવ્યું છે કે ખૂન થતાં પહેલાંના અને પછીના સમયે એમણે કાળા ચળકતા જાકિટ અને ગોળ ટોપી પહેરેલા ઊંચેરા આદમીને અપરાધના સ્થળની આસપાસ જોયો છે.'

'ઓહ!' અજય ચોંકી ઊઠ્યો. 'કાળું ચળકતું જાકિટ અને ગોળ ટોપી! એનસીસીસના કેડેટ્સ પહેરે છે એવી છે.'

'બરાબર! અને એટલે જ મારું અનુમાન છે કે ખૂની કોઇક બેકાર જુવાન છે. એને બાપડાને નોકરી મળતી નથી અને અહીં કેટકેટલી છોકરીઓ નોકરીઓ છીનવી જાય છે! એનું ભણતર, એની મહેનત, બધું પાણીમાં!'

'હજુ તો સ્ત્રીઓ છોકરીઓ એમ એટલી બધી નોકરીઓમાં ગોઠવાઇ ગઇ નથી, દિનકર'.

'એ તો હું ય જાણું છું, પણ એય હકીકત છે કે જેમ જેમ નોકરીધંધામાં સ્ત્રીઓની સંખ્યા વધતી જાય છે તેમ તેમ સ્ત્રીઓ સામેના અપરાધ પણ વધતા જાય છે.

**લાંબા સફેદ કોરા ઊડતા વાળ અને ઝાઝા નંબરના ચશ્મા વડે બહુ ભણેલા આદમી તરીકે તરત જ ઓળખાઇ જતા ડો. કેશવાણી અત્યારે દિનકરની સાથે જ તપાસમાં જોડાયા હતા. અજય જયારે આ બંનેની પાસે પહોંચ્યો ત્યારે દિનકરનો સવાલ હતો, 'તમને કશું જાણવા જેવું દેખાયું ડૉક્ટર કેશવાણી?'**

કેટલાક દ્વેષ પીડિત લોકો અમુક પ્રજાવર્ગોની લગરીક પ્રગતિને પણ સાંખી શકતા નથી. એમના વર્ગના લોકો એમની જ કશીક મર્યાદાને કારણે જ બેકાર રહેતા હોય છે, છતાં દોષ કોઇક અન્યને માથે ઢોળે છે.'

'શાબાશ, દિનકર! તું તો કોઇ સમાજશાસ્ત્રીની ઢબે વાત કરવા લાગ્યો!' અજયે સ્મિત કરતા મજાક કરી.

'અરે, ભાઇ, પોલીસવાળાએ તો જૂના જમાનાના જયોતિષશાસ્ત્રથી માંડીને બંદૂકશાસ્ત્ર, બધું શીખવું પડે. અનુમાનશાસ્ત્ર તો ખાસ!' દિનકરે ઠંડીથી બચવા પોતાનો કોલર ઊંચો ચડાવતાં કહ્યું.

'અચ્છા, દિનકર, આજકાલ જે ખૂનો થયાં એમાં ફાંસીતો સર્વસામાન્ય છે. પણ એ ઉપરાંત કશાં ખાસ લક્ષણ જોવા જાણવા મળ્યાં છે ખરાં?'

'હા. દરેક મરનારના ગાલ પર વાગવાનાં નિશાન મળ્યાં છે. માર એટલો જોરદાર છે કે કોઇક મરનારના ગાલ ચીરાઇ ગયા છે. એકાદને ગાલની અંદર દાંત પર વાગ્યું છે અને પેઢામાંથી ફૂટ થઇ છે. એટલે મારનાર કાં તો મુક્કાબાજ હોવો જોઇએ, અથવા લોખંડ કે પિત્તળની મૂઠ પહેરીને મુક્કો મારતોહોવો જોઇએ. પણ અજયબાબુ, જરા એ તો કહો કે તમે કોના વતી કામ કરો છો? કોઇ મરનારનાં સગાંએ તમને કામ સોંપ્યું છે?'

'અં... ના, રે, આ તો મને રસ પડયો એટલે...'

આવો અધ્ધરિયો જવાબ આપીને અજય દિનકર પાસેથી છટકી ગયો. પોતે જગત રામાણી વતી કામ કરે છે એવી લગીરે શંકા કોઇનેય પડવા દેવાની નહોતી.

---

એ ઓફિસે પહોંચ્યો ત્યારે ભોજનવેળા થઇ ગઇ હતી અને રાધિકા એને માટે ટિફિન લઇને હાજર થઇ ગઇ હતી. આજકાલ એને જમાડવાનો રાધિકાનો વારો હતો.

ભોજન દરમિયાન, સ્વાભાવિક જ, રાધિકાએ પણ આજકાલ શહેરમાં જેની ચર્ચા હતી તે ફાંસીગરને યાદ કર્યો. અજયે એને જણાવ્યું કે ગઇ રાતે પણ ફાંસિગર એક વિશેષ હત્યા કરી હતી. યુનિવર્સિટી કેમ્પશ પર એક લાશ મળી હતી.

'હત્યારાની હિંમત વધતી જાય છે', રાધિકા સચિંત સ્વરે બોલી. 'સંભવ છે કે આજની રાતે પણ ત્રાટકે.'

'મને પણ એ સંભવ લાગે છે,'અજય સંમત થયો. 'પણ એને રોકવાની કશી ચાવી હજુ આપણા હાથમાં નથી. અને શહેર મોટું છે. કાનૂનરક્ષકો પહોંચે તો ક્યાં ક્યાં પહોંચે! નિશાની માત્ર જાકિટની અને ટોપીની છે.'

'શિયાળાની ઋતુ છે, એટલે એવાં જાકિટ અનેક અનેક લોકો પહેરે છે. એવી ટોપી પણ.'

'પણ મારું મન કહે છે કે આજની રાતે એ ત્રાટકે એ પહેલાં એનો પત્તો લગાડવો જોઇએ. અત્યારે બપોરના બાર થયા છે. આવતા આઠેક કલાકમાં કાંઇક કરવું પડે.'

જો કે શુંકરવુંપડે એનો સ્પષ્ટ નકશો એ બતાવી શકી નહિ, અને બપોર થતાંએ ઘેર ચાલી ગઇ.

એના ગયા પછી અજયને એક વિચાર આવ્યોઃ રામાણી પરિવારની વિશેષ તપાસ કરવી જોઇએ. જગત રામાણીના નિર્દેશ મુજબ તો યોગેશ ઘટનાઓના કેન્દ્રમાં હતો કોને ખબર કે યોગેશ કઇ હદે જાય એમ છે.

અજયને આ રામાણી પરિવાર અજબ લાગ્યો. એણે નક્કી કર્યું કે એ પરિવાર પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવું. એમાંથી કદાચ આ સમસ્યાના ઉકેલની કશીક કડી મળી જાય. એટલે અજયે રામાણી પરિવારની ત્રીજી વ્યક્તિ રાગિણીની મુલાકાત લેવાનું નક્કી કર્યું. યોગેશ એના ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં અને જગત એના એક યા બીજા પાર્લરપર વ્યસ્ત હતા. જગતની વાઇફ રાગિણી ઘેર જ હશે એમ ધારીને એણે એને ફોન જોડયો. રાગિણી ઘેર જ હતી. અજયે એને કહ્યું કે જગતે મને યોગેશની સમસ્યા વિશે તપાસ કરવાનું સોંપ્યું છે. એ મામલે વાત કરતા તમને મળવા આવું? રાગિણીએ હા પાડી. અજયે જોયું કે એ સિંધી બોલીની અસર વિનાનું ગુજરાતી બોલી લેતી હતી. અજયે આનો નિર્દેશ કર્યો એટલે જણાવ્યું કે પોતે જ નહિ, પોતાના માબાપ પણ ગુજરાતમાં જન્મીને મોટાંથયાં છે. વળી પોતે શાળામાં હતી ત્યારે નાટકોમાં ભાગ લેતી. એથી ગુજરાતી શુદ્ધ ઉચ્ચારે બોલી શકે છે.

અજયને એવું પણ લાગ્યું કે એના ઉચ્ચારણોમાં એક બોબલપણું એક મદભાર વરતાય છે.

થયું કે આ મુલાકાત પણ રસપ્રદ રહેશે.

(દોસ્તો! આ વાર્તા આગામી અઠવાડિયે પૂરી.)